કરમસદ-આણંદ મહાનગરપાલિકાનો 'ઝીરો વેસ્ટ' શહેર તરફ મક્કમ નિર્ધાર

આણંદમાં કચરામાંથી કંચન બનાવતા 'વેસ્ટ ટુ વેલ્થ' પ્રોજેક્ટ્સથી શહેરની સુરત બદલાશે

૪-સ્ટ્રીમ સેગ્રીગેશન અને સ્વચ્છતા માર્શલ્સ દ્વારા શહેરને ગંદકીમુક્ત બનાવવાનું આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

કરમસદ-આણંદ મનપા દ્વારા સ્વચ્છ ભારત મિશન ૨.૦ હેઠળ શહેરને સંપૂર્ણપણે 'ઝીરો વેસ્ટ' અને હરિયાળું બનાવવા માટે એક વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મનપા કમિશનરના માર્ગદર્શન હેઠળ, હવે કચરાને માત્ર ફેંકવાને બદલે તેને 'વેસ્ટ ટુ વેલ્થ'ના અભિગમ સાથે ઉપયોગી ચીજવસ્તુઓમાં રૂપાંતરિત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અને ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ અનુસરીને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે પર્યાવરણ જાળવણીનું નવું મોડેલ સ્થાપિત કરશે.

આણંદ શહેરમાં પેદા થતા વિવિધ પ્રકારના કચરા માટે અલગ-અલગ પ્લાન્ટ્સ કાર્યરત કરવામાં આવી રહ્યા છે. બાંધકામના કચરામાંથી પેવર બ્લોક બનાવવા માટે સીએન્ડડી વેસ્ટ પ્લાન્ટ અને ભીના કચરામાંથી ખાતર બનાવવા માટે વેસ્ટ ટુ કોમ્પોસ્ટ પ્લાન્ટની સ્થાપના કરાઈ છે. આ પ્રક્રિયાઓ બાદ માત્ર ૧૦ ટકા બિનઉપયોગી કચરો જ વધશે, જેના નિકાલ માટે ખાસ સેનિટરી લેન્ડફિલ સાઈટ તૈયાર કરવામાં આવશે, જે જમીન અને ભૂગર્ભ જળનું પ્રદૂષણ અટકાવશે.

હવે નાગરિકોએ કચરાને ચાર ભાગમાં એટલે કે ભીનો, સૂકો, સેનિટરી અને સ્પેશિયલ કેર એમ અલગ-અલગ આપવો પડશે. નિયમોના ભંગ બદલ અને જાહેરમાં ગંદકી કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવા માટે ૧૩ વોર્ડમાં 'સ્વચ્છતા માર્શલ' તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત, હોસ્પિટલો અને હોટલો જેવા બલ્ક વેસ્ટ જનરેટર્સે ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવી પોતાના સ્તરે જ કચરાના નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે.

જનભાગીદારી પર ભાર

શહેરમાં 'રિડ્યુસ-રીયુઝ-રિસાયકલ' ની સંસ્કૃતિ કેળવવા માટે ૧૧ નવા આરઆરઆર સેન્ટર્સ અને દરેક વોર્ડમાં 'વોર્ડ સ્વચ્છતા સમિતિ'ની રચના કરવામાં આવશે. ૧૦૦ ટકા ડોર-ટુ-ડોર કલેક્શન અને આધુનિક ટ્રાન્સફર સ્ટેશનના ઉપયોગથી ઈંધણની બચત સાથે કાર્યક્ષમતામાં પણ વધારો થશે. આ સર્વગ્રાહી પ્રયાસોથી કરમસદ-આણંદ આગામી સમયમાં રાષ્ટ્રીય સ્વચ્છતા રેટિંગ્સમાં અગ્રેસર સ્થાન પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

- **સીએન્ડડી વેસ્ટ પ્લાન્ટ :** ૩૭.૭૩ (બાંધકામ કચરામાંથી પેવર બ્લોક બનશે)
- **મટીરીયલ રિકવરી ફેસિલિટી (એમઆરએફ) :** ૧૧૬ (સૂકા કચરાના વર્ગીકરણ માટે)
- **વેસ્ટ ટુ કોમ્પોસ્ટ પ્લાન્ટ :** ૧૧૫.૮૬ (ભીના કચરામાંથી ખાતર બનાવવા)
- **સોલિડ વેસ્ટ ટ્રાન્સફર સ્ટેશન :** ૭૬.૬૭ (પરિવહન ખર્ચ અને ટ્રાફિક ઘટાડવા)
- **સેનિટરી લેન્ડફિલ સાઇટ :** ૩૨.૩૧ (માત્ર ૧૦% બિનઉપયોગી કચરા માટે)

સુરતથી આવેલા યુવકનો રિપોર્ટ મેલેરિયા પોઝિટિવ આવતા દોડધામ

યુવકનો મેલેરિયાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર 'એલર્ટ'

ખાનગી લેબોરેટરીઓ અને ડોક્ટરો માટે પોઝિટિવ કેસની જાણ કરવી હવે ફરજિયાત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ શહેરમાં સુરતથી આવેલા એક યુવકનો મેલેરિયા રિપોર્ટ પોઝિટિવ આવતા જ કરમસદ-આણંદ મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ચોમાસાની ઋતુમાં રોગચાળો વકરે નહીં તે હેતુથી મેલેરિયા વિભાગ દ્વારા સંબંધિત વિસ્તારોમાં તાત્કાલિક અસરથી નિવારક કામગીરી હાથ ધરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા લેવામાં આવેલા ત્વરિત પગલાંના ભાગરૂપે, અસરગ્રસ્ત વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ રોકવા માટે સઘન ફોગિંગ અને પોરાનાશક કામગીરી શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટીમો ઘરે-ઘરે જઈને તાવના કેસોનો સર્વે કરી રહી છે. જો કોઈ વ્યક્તિમાં મેલેરિયાના લક્ષણો જણાય તો તેની તુરંત સારવાર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે, જેથી સંક્રમણને શરૂઆતના તબક્કે જ ડામી શકાય.

આ ઉપરાંત મેલેરિયા મુક્ત અભિયાનને વેગ આપવા માટે આરોગ્ય વિભાગે શહેરના તમામ ખાનગી ડોક્ટરો અને લેબોરેટરી સંચાલકોને કડક આદેશ આપ્યા છે. કોઈપણ ખાનગી સંસ્થામાં મેલેરિયાનો પોઝિટિવ કેસ મળી આવે, તો તેની જાણ તાત્કાલિક મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને કરવી અનિવાર્ય છે.

૧૫ દિવસની સંપૂર્ણ સારવાર અનિવાર્ય

કરમસદ - આણંદ મનપા આરોગ્ય વિભાગના ડોક્ટર રાજેશ પટેલે જણાવ્યું હતું કે, મેલેરિયાથી ગભરાવાની જરૂર નથી, પરંતુ સાવચેતી જરૂરી છે. જો કોઈ વ્યક્તિ સંક્રમિત થાય, તો તેણે ૧૫ દિવસ સુધી સતત અને સંપૂર્ણ સારવાર લેવી જોઈએ. અધૂરી સારવારથી રોગ ઉથલો મારી શકે છે, જ્યારે સંપૂર્ણ સારવારથી તેને જડમૂળથી મટાવી શકાય છે. કોઈપણ તાવમાં મેલેરિયાની તપાસ કરાવવી હિતાવહ છે.

આણંદમાં પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન જાહેર કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

ચોમાસાની ઋતુ દરમિયાન જળજન્ય રોગચાળો ન ફેલાય અને નગરજનોને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે કરમસદ-આણંદ મનપા દ્વારા વિશેષ કવાયત હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકા તંત્ર શહેરીજનોના આરોગ્ય અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે.

કરમસદ - આણંદ મનપાના વોટરવર્ક્સ અને ડ્રેનેજ વિભાગની સંયુક્ત ટીમો બનાવીને સમગ્ર પાઈપલાઈન નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. ખાસ તકેદારીના ભાગરૂપે, પાણી પુરવઠાના નિર્ધારિત સમયમાં 'સુપર ક્લોરીનેશન' પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, જે પાણીમાં રહેલા હાનિકારક જીવાણુઓનો નાશ કરશે. તમામ પાણીની ટાંકીઓ પર અદ્યતન ક્લોરીનેશન પ્લાન્ટ અગાઉથી જ કાર્યરત છે અને રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ દરરોજ ક્લોરીનેશન અને ગુણવત્તાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા વિવિધ સ્થળોએથી પાણીના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં ચકાસણી પણ કરવામાં આવે છે, જેથી પાણી સંપૂર્ણ સલામત હોવાની ખાતરી કરી શકાય.

કરમસદ - આણંદ મનપા દ્વારા નાગરિકોને અપીલ કરી છે કે જો પીવાના પાણીના રંગ, ગંધ કે સ્વાદમાં કોઈ ફેરફાર જણાય, તો તુરંત મહાનગરપાલિકાના હેલ્પ લાઈન નંબર ૭૫૭૪૮૩૧૭૨૦ અથવા ૭૫૭૪૮૩૧૭૧૯ પર સંપર્ક કરવો. દરેક નાગરિકને ગુણવત્તાયુક્ત પાણી પૂરું પાડવા માટે મનપા કટિબદ્ધ છે.

નડિયાદ સુભાષનગરના રહીશોને હાઈકોર્ટની મોટી રાહત : તપાસનો તમામ ખર્ચ રહીશો ભોગવશે

નડિયાદ મનપાની મકાન ખાલી કરાવવાની ઝુંબેશ પર કોર્ટની રોક

હવે તટસ્થ એજન્સી વૈજ્ઞાનિક ટબે કરશે સ્ટ્રક્ચરલ ઓડિટ કરાયા બાદ નિર્ણય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદના સુભાષનગર વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરિત મકાનો ખાલી કરાવવા મુદ્દે ચાલી રહેલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ વચગાળાનો આદેશ આપ્યો છે. કોર્ટે મહાનગરપાલિકાની કાર્યવાહી પર હાલ પૂરતી બ્રેક લગાવી દીધી છે અને કોઈ તટસ્થ ત્રીજી એજન્સી પાસે મકાનોનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવવા નિર્દેશ આપ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકાએ 8 જુલાઈ 2026 ના રોજ સુભાષનગરના 18 ટાવર અત્યંત જર્જરિત હોવાનું જણાવી રહેવાસીઓને મકાન ખાલી કરવા નોટિસ આપી હતી. આ મામલે જસ્ટિસ નિખિલ એસ. કરિયેલની કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન, કોર્ટે પાલિકાના રિપોર્ટમાં તારીખનો ઉલ્લેખ ન હોવાથી નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આવા રિપોર્ટ પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી શકાય નહીં. રહીશોના વકીલે દલીલ કરી હતી કે જો યોગ્ય રિપેરિંગ કરવામાં આવે તો બિલ્ડીંગ હજુ પણ રહેવા લાયક છે.

ન્યાયના હિતમાં કોર્ટે આદેશ આપ્યો છે કે હવે મહાનગરપાલિકા સિવાયના કોઈ સ્વતંત્ર સ્ટ્રક્ચરલ એન્જિનિયર દ્વારા પરીક્ષણ કરવામાં આવે. આશ્ચર્યજનક રીતે, આર્થિક રીતે સામાન્ય વર્ગના હોવા છતાં, પોતાનું ઘર બચાવવા માટે આ નવા સર્વેનો તમામ ખર્ચ રહીશો જાતે ભોગવવા સંમત થયા છે.

રિડેવલપમેન્ટ અંગે વિચારણા

હાઈકોર્ટે માત્ર મકાનોની સ્થિતિ જ નહીં, પણ વર્ષ 2016 ની પબ્લિક હાઉસિંગ સ્કીમની ગાઈડલાઈન મુજબ આ ઈમારતોનું રિડેવલપમેન્ટ થઈ શકે છે કે કેમ તે દિશામાં પણ વિચારણા કરવા સૂચવ્યું છે. જોકે, આ અંગેનો અંતિમ નિર્ણય નવા સ્ટ્રક્ચરલ રિપોર્ટ બાદ લેવામાં આવશે. આ કેસની વધુ સુનાવણી 6 ઓગસ્ટ ના રોજ મુકરર કરવામાં આવી છે.

બોરસદ નજીક મિનીટ્રકની ટક્કરે બાઈક સવારનું મોત

દાવોલ હાઈવે પર બેફામ દોડતા ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૭

બોરસદ તાલુકાના દાવોલ ગામ પાસે હાઈવેના સર્વિસ રોડ પર આઈશર ટ્રક ચાલકની ગફલતને કારણે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૩૦ વર્ષીય બાઈક સવાર યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. દાવોલ ગામના પીપળીયાપુરા વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા દિલીપભાઈ ભીખાભાઈ ગોહેલ પોતાના બાઈક પર બોરસદ ખાતે દાદીની દવા લેવા ગયા હતા.

દાવોલ ગામ પાસે બપોરના સુમારે દિલીપભાઈ ગોહેલ દવા લઈને પરત ઘરે જઈ રહ્યા હતા, ત્યારે દાવોલ ગામની બીડી પટેલની નળી પાસે સામેથી પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતી એક આઈશર ટ્રકે (નંબર GJ 23 AT 9806) તેમના બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી સ્થાનિકોએ ભેગા થઈ ૧૦૮ મારફતે તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાંથી વધુ સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના ભાઈ કલ્પેશભાઈ ગોહેલે બોરસદ ટાઉન પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદની વિવાદિત દુકાન પ્રકરણમાં વેપારીઓનો કાનૂની વિજય

વૈકલ્પિક ફાળવણી ન થાય ત્યાં સુધી દુકાન ન હટાવવા હુકમ

કોર્ટે ૩ બાય ૬ ફૂટની જગ્યામાંથી વેપારીને બેદખલ ન કરવા મનાઈ હુકમ આપ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સ્ટેશન રોડ પર ટાઉન હોલ પાસે આવેલી દુકાનો ખાલી કરાવવા મામલે ચાલી રહેલા લાંબા કાનૂની જંગનો અંત આવ્યો છે. દીવાની અદાલતે પાલિકાની કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી વેપારીઓની તરફેણમાં ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી વેપારીઓને હેરાન કરી શકાશે નહીં.

નડિયાદમાં ટાઉન હોલની બાજુમાં આવેલી બે દુકાનોના માલિકો લાંબા સમયથી પાલિકાને નિયમિત ભાડું અને વેરો ચૂકવીને ધંધો કરી રહ્યા છે. અગાઉ પાલિકાએ ઠરાવ પસાર કરીને આ વેપારીઓને સબજેલ પાસેના શોપિંગ સેન્ટરમાં જગ્યા આપવાનું નક્કી કર્યું હતું, પરંતુ બે દાયકા વીતવા છતાં તંત્ર ત્યાં કોમ્પ્લેક્સ બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. આ નિષ્ફળતા છતાં પાલિકાએ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જ ધાકધમકીથી દુકાનો ખાલી કરાવવાનો પ્રયાસ કરતા મામલો અદાલતમાં પહોંચ્યો હતો.

આ સુનાવણીમાં વેપારીઓએ ભાડાની પહોંચો, વેરા બિલ અને 'સુખડી પ્રીમિયમ' ચૂકવ્યા હોવાના દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા, જેને અદાલતે માન્ય રાખ્યા છે. કોર્ટે નોંધ્યું હતું કે ૧૯૯૯ થી ૨૦૦૪ ના વર્ષોમાં પાલિકાએ કરેલા ઠરાવો હજુ પણ અમલમાં છે અને કલેક્ટર દ્વારા તેને નામંજૂર કરવામાં આવ્યા નથી. અદાલતે કડક ભાષામાં જણાવ્યું છે કે પાલિકાને કાયદો હાથમાં લેવાનો કોઈ અધિકાર નથી. જ્યાં સુધી જૂના ઠરાવ મુજબ પાકા સ્ટોલની ફાળવણી ન થાય ત્યાં સુધી વેપારીઓ વર્તમાન ૩ બાય ૬ ની જગ્યા પર કાયદેસરનો હક ધરાવે છે. આથી, વેપારીઓના રોજબરોજના કામકાજમાં અડચણ ઉભી ન કરવા કાયમી મનાઈ હુકમ આપ્યો છે.

ઉમરેઠ: બેચરી નહેરમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

પોલીસે ૨૫થી ૩૫ વર્ષના યુવકની ઓળખ મેળવવા તપાસ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

ઉમરેઠ તાલુકાના બેચરી કેનાલ વિસ્તારમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામી છે. કેનાલના વહેતા પાણીમાં એક માનવ શવ તરતું હોવાની માહિતી મળતા જ ઉમરેઠ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઉમરેઠના બેચરી ગામના અંબામાતા ફળિયામાં રહેતા અને વ્યવસાયે ખેતી કરતા જયેશભાઈ ચંદુભાઈ પટેલે ગુરુવારે બપોરે ૪:૨૦ વાગ્યાની આસપાસ પોલીસને આ અંગે જાણ કરી હતી. તેમણે મહીસાગર માતાના નાના મંદિરની સામે કેનાલના પાણીમાં એક શવ તરતું જોયું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક યુવકની વય અંદાજે ૨૫ થી ૩૫ વર્ષ છે. શવ નગ્ન અવસ્થામાં અને સંપૂર્ણપણે કોહવાયેલી (ડીકમ્પોઝ્ડ) હાલતમાં મળી આવ્યું છે, જેના પરથી પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ મોત એક કે બે દિવસ અગાઉ થયું હોઈ શકે છે.

ઉમરેઠ પોલીસે હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. પોલીસ દ્વારા હાલમાં મૃતકની ઓળખવિધિ માટેની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

નડિયાદમાં માઈ મંદિર તરફ જતો વ્યસ્ત રસ્તો 'નરકાગાર' બન્યો

નડિયાદના તલાટી બાગ સામે માર્ગો પર ગંદા પાણીની રેલમછેલ

રોગચાળો ફાટી નીકળવાની દહેશતથી સ્થાનિકોમાં ભારે ફફડાટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારની સોસાયટીઓને જોડતા અને અત્યંત વ્યસ્ત એવા તલાટી બાગ સામેના મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવવાની સમસ્યાએ માઝા મૂકી છે. મનપાની ઘોર બેદરકારીને કારણે ગટરનું દુર્ગંધયુક્ત પાણી રસ્તા પર ફરી વળતા વાહનચાલકો અને સ્થાનિક રહીશો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અનેક રજૂઆતો છતાં નિંભર તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

નડિયાદ શહેરના તલાટી બાગ પાસેની દિવાલ નીચેથી પસાર થતી ગટર લાઈન સંપૂર્ણ બ્લોક થઈ જવાથી ગંદુ પાણી માઈ મંદિર તરફ જવાના માર્ગ પર રેલાઈ રહ્યું છે. આ ગંદા પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે અને પાણી રેલવેના ગરનાળામાં ભરાઈ જતું હોવાથી જળસંકટ ઉભું થયું છે. મચ્છરોના વધતા ઉપદ્રવને કારણે વિસ્તારમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે.

આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા પાલિકાના સત્તાધીશોને વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. જો આગામી ૨ થી ૪ દિવસમાં બ્લોક થયેલી ગટર લાઈનનું સમારકામ કરી કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો સ્થિતિ વધુ વણસશે તેવી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોની માંગ છે કે પાલિકા તાત્કાલિક સાફસફાઈ કરાવી આ નરકાગાર જેવી સ્થિતિમાંથી મુક્તિ અપાવે.

કપડવંજની ૧ હેક્ટર ઉજ્જડ જમીન માત્ર ૧૦ મહિનામાં 'વન કવચ' બની

પર્યાવરણ સુધારાના સફળ મોડેલ બાદ હવે જિલ્લામાં વધુ ૬ નવા જંગલો આકાર લેશે

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૭

વધતા ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનના ગંભીર પડકારો વચ્ચે ખેડા જિલ્લાએ પર્યાવરણ સંરક્ષણનું એક અનોખું અને અનુકરણીય મોડેલ રજૂ કર્યું છે. કપડવંજ ખાતે જાપાનની પ્રસિદ્ધ મિયાવાકી પદ્ધતિ દ્વારા માત્ર ૧ હેક્ટર ઉજ્જડ જમીનને ૨૫ લાખના ખર્ચે હરિયાળા જંગલમાં પરિવર્તિત કરી 'વન કવચ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રકલ્પની ખાસિયત એ છે કે જે જમીન એક સમયે નિર્જન હતી, ત્યાં આજે ૧૦ મહિનાના ટૂંકા ગાળામાં જ ૧૦ થી ૧૨ ફૂટ ઊંચા વૃક્ષો લહેરાઈ રહ્યા છે.

કુદરતી સ્પર્ધાથી ઝડપી વિકાસ અને જળસંચયનું આયોજન આ સમાચારનો મુખ્ય પાસું એ છે કે અહીં ૧x૧ મીટરના અંતરે ૧૦ હજાર દેશી વૃક્ષોનું અત્યંત ગીચ વાવેતર કરવામાં આવ્યું છે. આ ગીચતાને કારણે છોડ વચ્ચે સૂર્યપ્રકાશ મેળવવા માટે કુદરતી સ્પર્ધા જાગી છે, જેણે વૃક્ષોના વિકાસની ગતિ અનેકગણી વધારી દીધી છે. વડ, પીપળો, લીમડો અને વાંસ જેવી ૧૦થી વધુ દેશી પ્રજાતિના આ જંગલથી ઉનાળામાં તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો ઘટાડો થશે અને વાર્ષિક ૧૦ લાખ લીટર વરસાદી પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવામાં આવશે. તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

નાયબ વન સંરક્ષક અભિષેક સામરીયાના જણાવ્યા અનુસાર, કપડવંજની આ સફળતા બાદ હવે આ વર્ષે જિલ્લામાં વધુ ૬ નવા 'વન કવચ' ઊભા કરવાનું આયોજન હાથ ધરાયું છે. આ પહેલ માત્ર હરિયાળી જ નહીં, પરંતુ ભવિષ્યમાં કાર્બન ક્રેડિટ મેળવવાની દિશામાં પણ ખેડા જિલ્લાને મજબૂત બનાવશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225